


વિનાશના ભોગે વિકાસ નહીં

SOU સાપુતારા ગ્રીન કોરિડોરના વિરોધ માટે ચૈતર વસાવાની સરપંચો સાથે બેઠક

# ‘ગ્રીન કોરિડોર માટે જમીન નહીં મળે’

## પ્રોજેક્ટ માટે આદિવાસીઓ એક ઈંચ પણ જમીન આપવા માંગતા નથીઃ ચૈતર વસાવા



રાજપીપળાઃ ડેડિયાપાડાના AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ સાપુતારાથી સ્ટેચ્યુ ઓફ યુનિટીના ગ્રીન કોરિડોર મુદ્દે સોમવારે અનેક ગામના સરપંચો સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ તેમણે જણાવ્યું હતું કે, આજે દેવમોગરા યાહ મોગી માતાના સાંનિધ્યમાં સાપુતારાથી સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા ગ્રીન કોરિડોરમાં આવતાં ગામના લોકો સાથે અમારી શિબિર મળી હતી. ગામના અસરગ્રસ્ત ખેડૂતો અને સરપંચો સહિત બધા જ લોકોએ આ પ્રોજેક્ટનો વિરોધ દર્શાવ્યો છે. અગાઉ પણ આ જમીનો લેવા માટે જ્યારે ગ્રામસભાઓ બોલાવી હતી ત્યારે પણ બધા જ લોકોએ અસહમતી દર્શાવતો ઠરાવ કર્યો હતો. ગત તા.16 અને 17ના રોજ ફરીથી ગ્રામસભા બોલાવી જિલ્લાના અધિકારીઓએ આ પ્રોજેક્ટની મંજૂરી માટે ઘણી મહેનત કરી હતી. છતાં ગામના લોકોએ અને સરપંચોએ આ કોરિડોરનો વિરોધ દર્શાવ્યો અને અસહમતી પણ દર્શાવી હતી.

તેમણે જણાવ્યું હતું કે, સરકારને અમે કહેવા માંગીએ છીએ કે અમને વિકાસથી વાંધો નથી, આવા ગ્રીન કોરિડોરનાં નામે અમારી જમીનો છીનવવાની વાત છે, માટે તેનો અમે સખત વિરોધ કરીએ છીએ. અમે એકપણ ઈંચ જમીન સરકારનાં પ્રોજેક્ટમાં આપવા માંગતા નથી. અમારી પ્રકૃતિ, અમારી સંસ્કૃતિ, અમારું પર્યાવરણ અને આદિવાસીઓનું અસ્તિત્વ બચાવવા માટે જ્યાં પણ લડવું પડશે ત્યાં લડવાની અમારી તૈયારી છે. અમે આ કોરિડોરનો સખત વિરોધ કરીએ છીએ. આવનાર દિવસોમાં કોઈપણ સંજોગોમાં, કોઈપણ ભોગે એકપણ ઈંચ જમીન આ પ્રોજેક્ટમાં આપવા માંગતા નથી.

ડેડિયાપાડાના દાંતાવાડી, મોજડી, માથાવલી, દાબકા, પીપલોદ, વાઘઉમર, પાનખલા, માથાસર અને સાંકળી, ગરુડેશ્વર તાલુકાના મોખલી, ઝરવાણી, ધીરખાડી, થવડિયા, ગોરા અને સાગબારા તાલુકાના પટલામઉ, ટાવલ, પાટી, ગોનઆંબા, દતવાડા, રોઝદેવ, સીમઆંબલી, ચિત્રાકેવડી, કોડબા, અમિયાર, પાડા, ગોડદા, દેવમોગરા, નાલાકુંડ આટલા ગામમાંથી જે સાપુતારાથી સ્ટેચ્યુ ઓફ યુનિટીનો ગ્રીન કોરિડોર પસાર થવાનો છે, તે ગ્રીન કોરિડોર એ કોઈ નાનો રસ્તો નથી. આ ગ્રીન કોરિડોર માટે સેન્ટરમાંથી 30-30 મીટર જમીનનું સંપાદન થશે. કોઈની એકર બે એકર હોય અને વચ્ચેથી રસ્તો પસાર થતો હોય તો તેની જમીન તો એમાં જ પૂરી થઈ જશે. આ અભ્યારણ વિસ્તારમાં ગ્રીન કોરિડોર લાવવાની સરકારને શું જરૂર પડી? આદિ અનાદિકાળથી આદિવાસીઓ અહીં રહે છે. બધાને ઈચ્છા હોય છે કે વિકાસ થવો જોઈએ. પરંતુ પર્યાવરણ અને આદિવાસીના ભોગે ક્યાં સુધી વિકાસ? આપણી પાસે કંઈ એવી મોટી ગાડીઓ નથી, કોઈની પાસે હાઈવા નથી, આપણે રસ્તાઓ જે છે તે રસ્તા બનાવવાનાં ઠેકાણાં નથી અને ગ્રીન કોરિડોરની વાતો કરવામાં છે.

# ભરૂચ બાયપાસ રોડ પર આખરે દબાણ હટાવાયાં

**ટ્રાફિક** સમસ્યાને ધ્યાનમાં રાખી કાચાં-પાકાં દબાણો દૂર કરાયાં

**વેપારીઓની** કાયમી જગ્યા ફાળવવાની માંગ



ભરૂચઃ ભરૂચ જિલ્લા વહીવટી તંત્રએ ભરૂચ શહેરના બાયપાસ વિસ્તારમાં ગેરકાયદે દબાણો હટાવવાની કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ નગરપાલિકા, બૌડા અને પ્રાંત કચેરીની સંયુક્ત ટીમે જંબુસર બાયપાસથી મહોમદપુરા સુધીના માર્ગ પર દબાણ હટાવ અભિયાન હાથ ધર્યું હતું. આ કાર્યવાહી શહેરમાં અવારનવાર સર્જાતી ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી.

દબાણ હટાવ કામગીરીમાં જેસીબી અને ટ્રેક્ટર સાથે પહોંચેલી દબાણ ટીમે કાચાં-પાકાં દબાણો દૂર કર્યાં હતાં. જેથી લારી-ગલ્લાવાળાઓમાં દોડધામ મચી હતી. કેટલાક દબાણકારોને બે દિવસમાં જાતે જ દબાણ હટાવી લેવા સૂચના આપવામાં આવી હતી.

બીજી તરફ, દબાણકાર વેપારીઓએ પોતાની મુશ્કેલીઓ રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વારંવાર લારી-ગલ્લા હટાવાતા હોવાથી વેપાર પર પ્રતિકૂળ અસર પડે છે. વેપારીઓએ પાલિકા પાસે રોડની સાઈડમાં એક તરફ નિર્ધારિત જગ્યા ફાળવવાની માંગ કરી હતી.

વેપારીઓએ તે બદલ માસિક અથવા દૈનિક ભાડું ચૂકવવા પણ તૈયારી દર્શાવી હતી. જેથી વારંવારની મુશ્કેલીઓમાંથી મુક્તિ મળી શકે. આ દબાણ હટાવ કામગીરી દરમિયાન પ્રાંત અધિકારી મનીષા મનાણી અને મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલ સહિતના વહીવટી અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



પ્રવીણ તેરૈયા

# ધંતુરિયા-કોયલી માર્ગ પર શેરડી ભરેલું ટ્રેક્ટર પલટ્યું

**અયોગ્ય** ડાયવર્ઝનને લઈ સ્થાનિકોમાં રોષ

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ધંતુરિયા-કોયલી માર્ગ પર શેરડી ભરેલું એક ટ્રેક્ટર અચાનક પલટી મારી જતાં ઘટના સ્થળે અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે આ અકસ્માતમાં ટ્રેક્ટર ચાલકનો ચમત્કારિક રીતે બચાવ થયો હતો.

માર્ગ પર નાળાની કામગીરી ચાલી રહી હોવાથી વાહન વ્યવહાર માટે ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું. જો કે, આ ડાયવર્ઝન પરથી પસાર થતી વખતે ટ્રેક્ટર સંતુલન ગુમાવી પલટી મારી ગયું હોવાનું જાણવા મળ્યું હતું. અકસ્માતની જાણ થતાં આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક લોકોએ કોન્ટ્રાક્ટર સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમનો આક્ષેપ હતો કે, નાળાની કામગીરી માટે બનાવવામાં આવેલું ડાયવર્ઝન યોગ્ય રીતે તૈયાર કરવામાં આવ્યું નથી તેમજ લેવલિંગ ન કરાતાં આવા અકસ્માતો સર્જાઈ રહ્યા છે.

## નેત્રંગ પોલીસે ડ્રિંક એન્ડ ડ્રાઈવ કરતાં ૧૦ને ઝડપી લીધા

નેત્રંગઃ આગામી દિવસોમાં આવી રહેલ નાતાલના પર્વ અને થર્ટી ફર્સ્ટની ઉજવણીને ધ્યાનમાં રાખીને નેત્રંગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે પીઆઇ આર.સી.વસાવા દ્વારા કડક કાર્યવાહીના આદેશ અપાયા છે. તા.૨૧ ને રવિવારે ડેડિયાપાડા-નેત્રંગ રોડ પર આવેલા ચંદ્રવાણ ગામના પાટિયા પાસે વાહન ચેકિંગની વિશેષ કાર્યવાહી હાથ ધરાઈ હતી, જેમાં દસ જેટલાં મોપેડ તેમજ મોટરસાઈકલ ચાલકો પીધેલા ઝડપાયા હતા.

## અંકલેશ્વરની શાળાનો વાર્ષિકોત્સવ યોજાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર ખાતે આર.એમ.પી.એસ. ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાયો હતો. ‘પરિવર્તનથી પરિણામ’ થિમ પર વિદ્યાર્થીઓએ ગીત, નૃત્ય, નાટક, યોગિક અને વૈજ્ઞાનિક રજૂઆતો કરી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. સાથે શારીરિક ક્ષમતામાં સિદ્ધિ હાંસલ કરનારા વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા હતા.

## અટોદરામાં કરંટ લાગતાં એકનું મોત

સાયણઃ મૂળ મધ્યપ્રદેશના જાંબુઆનો શ્રમિક પંકેશ તાનુભાઇ માવી (ઉં.વ.આ.૨૩) હાલ અટોદરામાં જલભૂમિ-૫ ઈન્ડસ્ટ્રિઝમાં ચાલી રહેલી બાંધકામ સાઈટના ઝૂંપડામાં રહે છે. ગત રવિવારે સાઈટ ઉપર બાંધકામ ચાલી રહ્યું હતું. ત્યારે સાંજે ૪ઃ૩૦ કલાકે પંકેશ માવી સિમેન્ટ કોંક્રીટ મિક્સર મશીન ખેંચી આગળ લઈ જઈ રહ્યો હતો. એ વખતે કોંક્રીટ મિક્સર મશીનનો ઈલેક્ટ્રિક મોટર સાથે જોડાયેલો ચાલુ વીજ પ્રવાહનો વાયર ખેંચતી વખતે મશીનમાંથી નીકળી જઈ છૂટો પડી ગયો હતો. આથી કોંક્રીટ મિક્સર મશીન સાથે આ વાયર અડી જતાં પંકેશને હાથમાં કરંટ લાગતાં તે દાઝી જતાં જમીન ઉપર પટકાયો હતો. આથી તેને સારવાર અર્થે સાયણ ખાતેના સરકારી દવાખાને લઈ જવાતાં ત્યાં ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો. આ બાબતે મૃતકની પત્ની શારદાબેને ઓલપાડ પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ એ.એસ.આઈ. અજય મનુ કરી રહ્યા છે.

## બાંગ્લાદેશમાં હિંદુઓ ઉપર થતા અત્યાચાર સામે અંકલેશ્વરમાં વિરોધ

અંકલેશ્વરઃ બાંગ્લાદેશમાં હિંદુઓ પર થઈ રહેલા અત્યાચારના વિરોધમાં અંકલેશ્વરમાં કરણી સેના દ્વારા વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શન અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલા અટલજી જોગર્સ પાર્ક ખાતે યોજાયું હતું, જેમાં કરણી સેનાના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. તાજેતરમાં બાંગ્લાદેશમાં એક હિંદુ યુવકની ઘાતકી હત્યા થવાની ઘટના બાદ સમગ્ર દેશમાં તેની પ્રત્યાઘાતો પડ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાને લઈને કરણી સેના દ્વારા અંકલેશ્વરમાં વિરોધ પ્રદર્શન યોજીને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યાં હતાં. આ વિરોધ કાર્યક્રમમાં કરણી સેના ગુજરાતના અધ્યક્ષ સહિતના આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

## અંકલેશ્વરમાં ભીંત ચિત્રો દોરાયાં

અંકલેશ્વરઃ અંકલેશ્વર લાયન્સ ક્લબ તથા લાયોનેશ વુમન ક્લબ દ્વારા કલર્સ કાર્નિવલ કાર્યક્રમના ભાગરૂપે ડી.એ. આણંદપુરા સ્પોર્ટ્સ ક્લબની ફેન્સિંગ વોલ ઉપર લાયન્સ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા, સામાજિક જાગૃતિ સહિતના વિષયો ઉપર આકર્ષક અને સંદેશાત્મક ભીંત ચિત્રો બનાવવામાં આવ્યાં હતાં.

# દેવગઢમાં ટ્રક અડફેટે ઘરનો ગેટ તૂટ્યો

**મોડી** રાત્રે બનેલો બનાવ, જાનહાનિ ટળી



હિતેશ પટેલ

માંડવીઃ માંડવીના દેવગઢ ગામે 21 ડિસેમ્બરે મોડી રાત્રે આશરે 2 વાગ્યાના સુમારે એક ટ્રકે સાયરસ નોસિર દેવગઢવાલાના ઘરનો મુખ્ય ગેટ તોડી પાડ્યો હતો. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ ગેટને ભારે નુકસાન થયું હતું.

આ સમગ્ર ઘટના ઘરના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. અકસ્માત સર્જ્યા બાદ ટ્રકચાલક ટ્રક લઈ ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ ઘટનાને કારણે માર્ગ નજીક રહેતા ઘરવાસીઓ અને સ્થાનિક લોકોમાં ભય તથા રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના મતે દેવગઢ ગ્રામ્ય વિસ્તારમાંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.56 પર સ્પીડ બ્રેકરનો અભાવ આવા અકસ્માતોનું મુખ્ય કારણ છે. તેમણે પ્રશાસન અને માર્ગ વિભાગને આ વિસ્તારમાં તાત્કાલિક સ્પીડ બ્રેકર, રિફ્લેક્ટર સૂચન બોર્ડ અને અન્ય સુરક્ષા વ્યવસ્થાઓ ઊભી કરવાની માંગ કરી છે. જેથી ભવિષ્યમાં આવા ગંભીર અકસ્માતો ટાળી શકાય.

## સંક્ષિપ્ત સમાચાર

### વાંકલની એન.ડી.દેસાઈ હાઈસ્કૂલની સિદ્ધિ



વિનોદ મૈસુરીયા

વાંકલઃ વાંકલની શ્રી એન.ડી.દેસાઈ હાઈસ્કૂલે સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં સર્વશ્રેષ્ઠ શાળા પારિતોષિત એવોર્ડ-2025માં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આથી સુરત જિલ્લા ગ્રામ્ય આચાર્ય સંઘ દ્વારા શાળાના આચાર્ય પારસ મોદી અને ટ્રસ્ટી પ્રમુખ સંજય દેસાઈને બારડોલીના આચાર્ય અધિવેશન અને વહીવટી માર્ગદર્શન સેમિનારમાં તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

### નેત્રંગમાં પાનના ગલ્લાવાળા પાસે નશામાં વપરાતું ગોગો પેપરનું બોક્સ ઝડપાયું

નેત્રંગઃ નશા માટે ઉપયોગમાં લેવાતા ગોગો રોલ પેપર પર રાજ્ય સરકારે પ્રતિબંધ મૂક્યા બાદ ભરૂચ પોલીસ હરકતમાં આવી છે. નેત્રંગ પોલીસ સ્ટેશનના પીઆઇ આર.સી.વસાવાએ નેત્રંગ બીડ વિસ્તારમાં આવેલા પાન-મસાલાના ગલ્લા તેમજ દુકાનદારોને ત્યાં અલગ અલગ ટીમો બનાવી સ્પેશિયલ ડ્રાઇવ રાખી તપાસ હાથ ધરતાં નેત્રંગ ચાર રસ્તા વિસ્તારમાં આવેલા પટેલ પાન કોર્નર પર પોલીસે રેડ કરતાં ગોગો પેપર સ્મોકિંગ બોક્સ નંગ એક મળી આવ્યું હતું. જેની કિં.રૂ.૭૦૦નો મુદામાલ જપ્ત કરી ગલ્લા માલિક પ્રતિક હિતેશભાઈ પટેલ વિરુદ્ધ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### પલસાણાની મહિલાનું ટૂંકી બીમારી બાદ મોત

પલસાણાઃ પલસાણાના મેઘા પ્લાઝા ખાતે રહેતાં સુનેનાદેવી પ્રભાસભીડે બિંદ (ઉં.વ.૩૫)ને ગત તા.૧૯/૧૨/૨૦૨૫ના રોજ રાત્રે ૧૧ વાગ્યે અચાનક પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો અને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર અર્થે પલસાણા CHC ખાતે ખસેડવામાં આવ્યા હતા. તબિયત વધુ લથડતા તેમને સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયાં હતાં. જ્યાં ૨૧મી ડિસેમ્બરે બપોરે ૨ વાગ્યે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. પલસાણા પોલીસે આ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ઘલુડા પાસે અકસ્માતમાં બાઇક ચાલકનું મોત

પલસાણાઃ પલસાણાના ઘલુડા ગામ છોટાહાથીની ટક્કરે એક બાઇક સવારનું મોત થયું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, ગત રોજ તારીખ ૨૧/૧૨/૨૦૨૫ ના રોજ સાંજે અંદાજે ૪:30 વાગ્યાના સુમારે ભાવનગરના રહેવાસી પરસોત્તમભાઇ ઉકાભાઇ સુમેરા પોતાનો મારુતિ સુઝુકી કંપનીનો ‘છોટા હાથી’ ટેમ્પો (નંબરઃ GJ-04-AW-6029) લઈને પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન, ઘાલુડા નજીક નવા એક્સપ્રેસ હાઈવેના ચઢતા કટ પાસે એક હોન્ડા સાઈન મોટરસાયકલ (નંબરઃ GJ-26-E-8593) ના ચાલકે પોતાનું વાહન અત્યંત પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ટેમ્પોના પાછળના ભાગે જોરદાર ટક્કર મારી હતી. જેમાં બાઇક સવારને ગંભીર ઇજા થતાં તેનું મોત થયું છે. તેની ઓળખ કરવાની કોશિશ પોલીસ કરી રહી છે.

### અંકલેશ્વરની યુવતી પર દુષ્કર્મ કરનાર બે ઝડપાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ગ્રામ્ય વિસ્તારની સગીર યુવતી સાથે લગ્નની લાલચ આપી અવારનવાર દુષ્કર્મ આચરનાર બે યુવકને પોક્સો એક્ટ અંતર્ગત તાલુકા પોલીસે ઝડપી પાડ્યા હતા. અંકલેશ્વર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી એક યુવતીને લગ્નની લાલચ આપી આરોપીઓએ આજથી આશરે પાંચથી છ મહિના પૂર્વે બોલાવી અવારનવાર શરીર સંબંધ બાંધી બળાત્કાર કર્યો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. પોક્સો એક્ટ અંતર્ગત ફરિયાદના આધારે તાલુકા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી આરોપીઓ સાગર પરભુ વસાવા, સુમિત પરભુ વસાવાની ધરપકડ કરી હતી. આ સમગ્ર મામલે તાલુકા પોલીસ દ્વારા આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

### પલસાણા હાઈવે પર વાહનની અડફેટે બાઇક સવાર યુવાનનું મોત

પલસાણાઃ પલસાણા ચાર રસ્તા પાસે અકસ્માતમાં ૪૫ વર્ષીય વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. મળતી માહિતી મુજબ, ગત તારીખ ૨૧/૧૨/૨૦૨૫ના રોજ બપોરે આશરે 3.30 વાગ્યાના અરસામાં તેજસકુમાર ગણપતસિંહ મોરી (ઉં.વ.૪૫, હાલ રહે ઉતારા ફળિયું, અષ્ટગામ, નવસારી, મૂળ રહે શ્રીનાથજી પાર્ક, નવા બજાર કરજર, જી.વડોદરા) પોતાની પ્લસર મોટરસાયકલ (નંબરઃ GJ-06-CK-7450) લઈને પલસાણા ચાર રસ્તા ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન કોઇ વાહને તેમની બાઇકને અડફેટે લેતા તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

### સોનગઢ ખાતે ફ્રી નિદાન કેમ્પ યોજાયો

સોનગઢઃ ધી મુસ્લિમ વેલફેર સોસાયટી, બારડોલી સંચાલિત જમનાબા સાર્વજનિક હોસ્પિટલ દ્વારા સોનગઢ ખાતે યુનિટી ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી ભવ્ય ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. “જન સેવા એ જ પ્રભુ સેવા”ના ઉદ્દાત ભાવ સાથે માતુશ્રી કોમ્પ્લેક્સ, સોનગઢ ખાતે આયોજિત આ કેમ્પમાં 300થી વધુ દર્દીએ હાજરી આપી આરોગ્યનો લાભ લીધો હતો. આ નિદાન કેમ્પમાં બારડોલી તથા સોનગઢના અનુભવી અને પ્રખ્યાત ડોક્ટરોની ટીમ દ્વારા આંખ, કાન, દાંત, સર્જીકલ, હાડકાં તેમજ સ્ત્રી રોગ જેવા વિવિધ વિભાગોમાં દર્દીઓની નિઃશુલ્ક તપાસ કરવામાં આવી હતી. સાથે સાથે જરૂરી દવાઓનું પણ મફત વિતરણ કરવામાં આવ્યું હતું.

જનજાગૃતિ | વસરાઈ દિશા ફાઉન્ડેશન ખાતે શ્રી સમસ્ત ધોડિયા સમાજ કુળ પરિવાર ટ્રસ્ટનું આઠમું સંમેલન મળ્યું

# ‘કુરિવાજ ત્યાગો, ભૂતકથા બંધ કરો’

**સમૂહલગ્ન** કરવા, ચાંલ્લા વિધિમાં ઓછા માણસો બોલાવવા, મંડપનો ખર્ચ ઓછો કરવો, પારંપરિક વાજિંત્રનો ઉપયોગ કરવા સમાજના લોકોને આહવાન



સલીમ દિવાન

ભોરિયાઃ અંબિકા તાલુકાના વસરાઈ ગામે દિશા ફાઉન્ડેશન ખાતે સમસ્ત ધોડિયા સમાજ કુળ પરિવાર ટ્રસ્ટનું આઠમું સંમેલન ભવ્ય રીતે યોજાયું હતું. આ કાર્યક્રમમાં સમાજની પ્રગતિ માટેનો નવો માર્ગ દર્શાવવામાં આવ્યો હતો અને સમાજના સભ્યોને મજબૂત થવા માટે એકતાના મંત્ર આપ્યા હતા. કૃતિનો એક નાનકડો છોડ અર્પણ કરી આવેલા તમામ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું આ અવસરે પ્રાસંગિક ઉદબોધન ટ્રસ્ટના પ્રમુખ ચંપકભાઈ વાડવાએ જણાવ્યું હતું કે, અમે દર વર્ષે ૨૨ મુદ્દા આધારિત કાર્યક્રમ કરી રહ્યા છીએ. જેમાં શક્ય બને તો સમૂહલગ્ન કરવા, લગ્ન પરિચય મેળા કરવા, ચાંલ્લા વિધિમાં ઓછા માણસો બોલાવવા, મંડપનો ખર્ચ ઓછો કરવો, પારંપરિક વાજિંત્રનો ઉપયોગ કરવો, હસ્તમેળાપ બપોરે ૧૨ વાગ્યા સુધીમાં કરો, બદલાની અપેક્ષા વિના કન્યાદાન કરવું, એક જ કુળમાં લગ્ન વ્યવહાર કરવો નહીં, જાહેરમાં ચોળી ઉતારવાની પ્રથા બંધ કરવી, સ્મશાનમાં મૃતકને જમાડવા માત્ર એક વ્યક્તિએ કરવું, સારણક્રિયા બારમાને દિવસે જ કરવી તથા ભોજન પ્રથા બંધ કરવી, બારમાની ક્રિયા આદિવાસી વિધિ પ્રમાણે કરવી, બારમાની વિધિ કરનાર વ્યક્તિને મર્યાદામાં ફી આપવી, ભૂતકથા બંધ કરવી, પિયર પ્રથા બંધ કરવી શિક્ષણને મહત્ત્વ આપો. સમાજના તમામ અગ્રણીઓને પણ આ સૂચનો અંગે પોતાના અભિપ્રાય આપવા અનુરોધ કર્યો હતો.

ગુજરાત રાજ્યના આદિવાસી સમાજના પ્રમુખ ડો.પ્રદીપ ગરાસિયાએ ઉપસ્થિત રહીને આ કાર્યક્રમને મહત્ત્વનું આયોજન ગણાવ્યું હતું. ટ્રસ્ટના ઉપપ્રમુખ ઉત્તમભાઇ પટેલ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધોડિયા બોલીમાં જગદીશ પટેલ, હરેશ પટેલ ડો. મોહનભાઈ પટેલ, કૌશિકભાઈ ગરાસિયાએ સફળતાપૂર્વક પાર પાડ્યું હતું.

આ પ્રસંગે દિશા ફાઉન્ડેશનના પ્રમુખ કમલેશ પટેલ, મંત્રી મુકેશ મહેતા, ડો.નીતિન પટેલ, મહુવા સુગર ફેક્ટરીના ડાયરેક્ટરો તુષાર પટેલ તથા વિપુલ પટેલ, ડો.એ.જી. પટેલ, પૂર્વ કલેક્ટર આર.જે.પટેલ, અને નિવૃત્ત સંયુક્ત બાગાયત અધિકારી ડી.ઝેડ.પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાથે નવા અને જૂના ટ્રસ્ટીઓ તથા વિવિધ કુળોના પ્રમુખો અને મંત્રીઓએ પણ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. અંતે દિશા ફાઉન્ડેશનના ડો.નીતિન પટેલે આભાર વિધિ વ્યક્ત કરી હતી.

# હથોડામાં રૂ.35 લાખના ખર્ચે બનનારા પીએચસીનું ખાતમુહૂર્ત કરાયું

**ગામની** 7000ની વસતીને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો લાભ મળશે



હથોડાઃ હથોડા ગામે આરોગ્ય ક્ષેત્રે સારી સુવિધા મળે તેવી લોકઝંખના હતી. આ બાબતે માંગરોળના ધારાસભ્ય ગણપત વસાવાએ સરકારમાં રજૂઆત કરી રૂ.35 લાખ દવાખાના માટે મંજૂર કરાવતાં સોમવારે ગણપત વસાવાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

માંગરોળના હથોડાની આસપાસ વર્ષોથી સરકારી દવાખાનાં ઉપલબ્ધ છે. જ્યારે હથોડા ગામે સુવિધા નહીં મળતાં ગામવાસીઓને ઈમરજન્સી બનાવ બને કે ગામમાં કોઈ વ્યક્તિ બીમાર પડે તો ચોમાસાનો વરસાદ હોય કે શિયાળાની કડકડતી ઠંડી કોઈપણ સંજોગોમાં બહારગામ સારવાર માટે આશરો લેવો પડતો હતો. પરંતુ હથોડા ગામે વર્તમાન સરપંચ અફસાનાબેન તેમજ સરપંચના જાગૃત પતિ હુસેન આરફે દવાખાનું બનાવવા માટે જગ્યાની ફાળવણી કરી આપવા સુરત કલેક્ટર ઓફિસ અને માંગરોળના ધારાસભ્ય ગણપત વસાવાને રજૂઆત કરતાં અને ગણપત વસાવાએ ગુજરાત સરકારમાં યોગ્ય રજૂઆત કરી હતી. આખરે રૂ.35 લાખના ખર્ચે દવાખાનું બનાવવાની મંજૂરી મળતાં સોમવારે ગણપત વસાવાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાટકોલના અફઝલખાન હબીબખાન પઠાણ, કાનાભાઈ વસાવા લીડિયાત, કોસંબાના ડેપ્યુટી સરપંચ સાહિર અબ્દુલ સતાર આરફ, હથોડાના સરપંચ અફસાના હુસેન આરફ, પીપોદરાના અનિલભાઈ તેમજ કાર્યકરો અને મોટી માત્રામાં કાર્યકરો હાજર રહ્યા હતા. મહિલા સરપંચ અફસાના હુસેન આરફે જણાવ્યું હતું કે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર એપ્રિલ મહિના સુધીમાં બની જશે અને ગામના 7,000 લોકોને લાભ મળશે.

## અંકલેશ્વરમાં શ્રી શ્રીયા દેવી પ્રજાપતિ મંડળનું સ્નેહમિલન યોજાયું

અંકલેશ્વરઃ અંકલેશ્વર ગાર્ડન સિટી પાસે શ્રી શ્રીયા દેવી પ્રજાપતિ મંડળ દ્વારા દ્વિતીય સ્નેહમિલન સમારોહનું આયોજન કરાયું હતું, જેમાં સમાજના વિવિધ વિસ્તારોમાંથી 10 પટી સમાજના આગેવાનો, અગ્રણીઓ અને પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


Milano MULTIPLEX
બારડોલી
Avatar: Fire And Ash
10:00am, 01:45pm, 05:30pm, 09:30pm
Dhurandhar
09:30am, 12:00pm, 02:00pm, 04:00pm, 06:00pm, 09:00pm, 10:00am
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333